# જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, ભાવનગર

ધોરણ : ૭
તારીખ : ૯/૦૪/૨૦૧૯

**ગુજરાતી**
(દ્વિતીય સત્ર)

કુલ ગુણ : ૮૦
સમય : ૯-૩૦ થી ૧૨-૩૦

---

પ્રશ્ન-1 (અ) નીચે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો. (5)

1. 'હું બધાં વિદ્યાર્થીઓને સરસ સંસ્કૃત શીખવવા ઇચ્છું છું. આગળ જતાં તો તેમાં રસના ઘૂંટડા પીવાના છે.' – લેખક આ વાક્યમાં શું કહેવા માગે છે?
   (અ) સંસ્કૃત સરસ ભાષા છે.
   (બ) વિદ્યાર્થીઓને સંસ્કૃત ભાષા ગમે છે.
   (ક) સંસ્કૃત ભાષા શીખ્યા પછી તેના સાહિત્યનું રસપાન કરી શકે.
2. દુદ્દામામાએ લેખકને કહ્યું કે, "આગલું પરમાણું હાથવગુ નથી રિયું. મૂળ વાત આમ બની હતી. હું તને કહી નો'તો શક્તો." એટલે કે ...
   (અ) દુદ્દામામાથી લેખકના પગનું માપ લીધેલ કાગળ ખોવાઇ ગયો હતો.
   (બ) દુદ્દામામાને લેખકના બૂટ નહોતા સીવવા.
   (ક) જાત્રાએ જવાના કારણે દુદ્દામામાને બૂટ સીવવાનો સમય નહોતો મળ્યો.
3. 'જેવો સિંહને મગરનો ભેટો થયો કે સિંહે પૂરી તાકાતથી હુમલો કર્યો, પણ મગરનું જોરેય કંઇ ઓછું ન હતું.' – અહીં ....
   (અ) મગર અને સિંહ બંને પ્રેમથી ભેટી પડ્યા. (બ) મગર અને સિંહ વચ્ચે લડાઇ થઇ રહી હતી.
   (ક) મગર અને સિંહ વચ્ચે મૈત્રી થઇ રહી હતી.
4. 'नमंति फलिनो वृक्षा, नमंति गुणिनो जना:; शुष्ककाष्टं च मूर्खाश्च, न नमंति कदाचन्॥'
   એટલે કે ...
   (અ) ફળવાળા ઝાડ નમતા નથી. (બ) સૂકું લાકડું નમે છે. (ક) મૂર્ખ માણસો નમતા નથી.
5. 'ધનપાલ શેઠનું નામ દૂર-દૂર સુધી જાણીતું હતું.' એટલે કે ...
   (અ) ધનપાલ શેઠ પ્રખ્યાત વ્યક્તિ હતા. (બ) ધનપાલ શેઠ દૂર સુધી ફરવા જતા હતા.
   (ક) ધનપાલ શેઠ બધાંને જાણતા હતા.

(બ) નીચે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો. (5)

1. 'ગંગાના નીર તો વધે-ઘટે રે લોલ, સરખો એ પ્રેમનો પ્રવાહ રે.' એટલે કે ...
   (અ) માતાનો પ્રેમ એકસરખો મળ્યા કરે છે.
   (બ) ગંગાનું પાણી અને માતાનો પ્રેમ એકસરખો વહ્યા કરે છે. (ક) ગંગાનું પાણી એકસરખું વહ્યા કરે છે.
2. 'ઊગે છે સૂરખી ભરી રવિ મૃદુ હેમંતનો પૂર્વમાં' – આ પંક્તિમાં કયા સમયની વાત છે?
   (અ) સવાર (બ) બપોર (ક) સાંજ

Scanned by CamScanner

3. 'રમતાં-રમતાં ઘરમાં પૂગી, સોના જેવી સવાર છે જી.' એટલે શું?

(અ) બાળકો સવારમાં રમી રહ્યાં છે.

(બ) બાળકો રમીને ઘરમાં આવી રહ્યાં છે.

(ક) સવાર પડતાં સૂર્યના કિરણો ઘરમાં પહોંચી ગયા છે.

4. 'મંજિલ હો જેનું ધ્યેય એ રસ્તા નહિ જુએ; ઉદ્યમી હો, હસ્તની રેખા નહિ જુએ.' - આ પંક્તિમાં શાનો મહિમા છે?

(અ) રસ્તા (બ) નસીબ (ક) ઉદ્યમ

5. 'ચેહ ઠરે, દુઃખડા ઠરે, ઠરી જાય ખટરાગ; પણ ઈરખાની આગ, ઠારે ત્યમ બમણી બળે.' - આ પંક્તિમાં શું ઠારવાથી બમણું થાય છે?

(અ) ચિતા (બ) ઈર્ષાની આગ (ક) દુઃખ

પ્રશ્ન-2 (અ) નીચેના પ્રશ્નોના ઉત્તર બે થી ત્રણ વાક્યમાં આપો. (ગમે તે ત્રણ) (6)

1. 'આવ, ભાણા આવ!' પાઠમાં તમને શું ના ગમ્યું?
2. તમારા જિલ્લાના જોવાલાયક સ્થળોનાં નામ લખો.
3. સિંહ અને દરબાર માત્રાવાળાની દોસ્તી વિશે ચાર વાક્યો લખો.
4. 'હાઈસ્કૂલમાં' પાઠમાંથી ગાંધીજીના કયા ગુણો તમે જીવનમાં ઉતારશો?

(બ) નીચેના પ્રશ્નોના ઉત્તર બે થી ત્રણ વાક્યોમાં આપો. (ગમે તે બે) (4)

1. 'જગનો આધાર એની આંગળી રે લોલ,
   કાળજામાં કૈંક ભર્યા કોડ રે.' કાવ્યપંક્તિ સમજાવો.
2. કવિએ સવારને સોના જેવી શા માટે કહી છે?
3. સંત અને અગરબત્તીનો મહિમા શા માટે ગવાયો છે ?

પ્રશ્ન-3 (અ) નીચેના પ્રશ્નોના ઉત્તર ત્રણ થી ચાર વાક્યમાં આપો. (6)

1. 'ગ્રામમાતા' કાવ્યમાં આવતી ખેડૂતની સ્ત્રીની જગ્યાએ તમે હોય તો શું કરો?
2. ગાંધીજીને બાળપણમાં સંસ્કૃત વિષય અઘરો લાગતો હતો. તમને કયો વિષય અઘરો લાગે છે? શા માટે?

(બ) નીચેના વાક્યો વાંચી કૌંસમાં આપેલ યોગ્ય એકમ પસંદ કરી લખો. (4)

(1. જીવરામ ભટ્ટ 2. પાંચ દાણા 3. ભમીએ ગુજરાતેઃ દક્ષિણ ભણી
4. સિંહની દોસ્તી 5. અખબારી નોંધ)

1. એમની સ્મશાન યાત્રામાં જંગલનો રાજા પણ જોડાયો.
2. મોજશોખને ખાણીપીણી સુરતીલાલ સહેલાણી
   વાડી ગાડી લાડીમાં તે કીધી જિંદગી ધૂળધાણી
3. સમાચાર પ્રકાશિત કરવા માટેનો વિનંતીપત્ર તંત્રીને સંબોધીને લખવો પડે છે.
4. વાચાળ અને જાદુગરોના છળકપટ સમજી શકાતા નથી.

Scanned by CamScanner

પ્રશ્ન-4 (અ) નીચે આપેલ બીલ પરથી પ્રશ્નોના ઉત્તર આપો. (5)

**સિટી સ્પોર્ટ્સ**

લાલ દરવાજા, અમદાવાદ

સમયઃ 10:00 થી 07:00 (સોમવારથી શુક્રવાર)

10:00 થી 02:00 (શનિવાર) બીલ નં.: 555

તારીખ: 01-04-2019

ગ્રાહકનું નામઃ પાર્થ ઉપાધ્યાય

| ક્રમ | વસ્તુનું નામ | નંગ | ભાવ | કુલ કિંમત |
|---|---|---|---|---|
| 1. | બૅડમિન્ટન રૅકેટ | 1 | 355 | 355 |
| 2. | ટૅનિસ બોલ | 3 | 50 | 150 |
| 3. | બૂટ | 1 | 800 | 800 |
| 4. | બાસ્કેટ બોલ | 2 | 340 | 680 |
| 5. | વૉલીબોલ | 1 | 538 | 538 |
| 6. | ક્રિકેટ બોલ | 1 | 750 | 750 |
| | કુલ | | | 3473 |

(નીલા ટાયરવાલા)

- ઉધાર માગીને શરમાવશો નહિ.
- રવિવારે રજા રહેશે

1. આ દુકાનનું નામ શું છે?
2. પાર્થે કુલ કેટલી વસ્તુ ખરીદી છે અને તેને કેટલા રૂપિયા ચૂકવવાના થાય છે?
3. તમને આમાંથી કઇ વસ્તુ ખરીદવી ગમશે? તેના માટે તમારા કેટલા રૂપિયા ચૂકવવા પડશે?
4. આ બીલ કોણે બનાવેલ છે?
5. આ બીલમાં આપેલ વસ્તુઓમાંથી કઇ વસ્તુ એવી છે કે જેને રમતગમતનું સાધન ના પણ કહી શકાય?

(બ) નીચેનો ફકરો વાંચી પ્રશ્નોના ઉત્તર લખો. (5)

એક નાનકડું ગામ હતું. એ ગામમાં નાનું બજાર આવેલું હતું. બજારમાં જગનને જૂતાંની દુકાન, છગનની છત્રીની દુકાન, ચંદુની ચશ્માની દુકાન, પેથાભાઇની પર્સની દુકાન અને દામજીની દરજીકામની દુકાન આવેલી હતી. એ બજારમાં શિવાભાઇની દુકાન પણ હતી. શિવાભાઇ સ્ત્રીઓના શણગારની વસ્તુઓ - જેવી કે બંગડી, જાતભાતના દાગીના અને ચાંદલા-કાજળ જેવી ચીજો વેચતા. દામજી દરજી સિવાય બીજા બધા દુકાનદારો લુચ્ચા અને સ્વાર્થી હતા. દામજી દરજી ભલો અને દયાળુ હતો. એ બીજા કોઇ સાથે પંચાતમાં પડતો નહિ. એ ભલો અને એનું કામ ભલું.

પ્રશ્નોઃ

1. સ્ત્રીઓના શણગારની વસ્તુઓ કોની દુકાનમાંથી મળતી હતી?
2. કયા-કયા દુકાનદારો સ્વાર્થી હતા?
3. કોણ હંમેશાં પોતાના જ કામમાં ધ્યાન આપતું હતું?
4. ભરતભાઇને નવા ચશ્માં ખરીદવાં છે, તો તેઓ કોની દુકાનમાં જશો?
5. પર્સઃ પેથાભાઇ, છત્રી : છગન, શર્ટઃ દામજી તો ચંપલ : ______

Scanned by CamScanner

પ્રશ્ન-5 યોગ્ય વિકલ્પ પસંદ કરો. (10)

1. 'હું મારા શૈશવના સ્મરણોમાં સરી પડ્યો.' અહીં શૈશવ એટલે ...
(અ) બાળપણ (બ) ઘડપણ (ક) શૈશવ નામનો છોકરો

2. 'આવું અનિષ્ટ પરિણામ તો દૈવજાણે કેટલા જુવાનોનું આવતું હશે.' - આ વાક્યમાં 'ઈષ્ટ'નો વિરોધી શબ્દ શોધો.
(અ) દૈવજાણે (બ) અનિષ્ટ (ક) પરિણામ

3. નીચેનામાંથી 'ખાતર પાડવું' અર્થ મળે તેવું વાક્ય શોધો.
(અ) કેટલાક માણસોએ દરબારનું ખેતર ખેડ્યું.
(બ) કેટલાક માણસોએ દરબારના ઘરમાં ચોરી કરી.
(ક) કેટલાક માણસોએ દરબારના ખેતરમાં ખાતર નાખ્યું.

4. શબ્દકોશનો સાચો ક્રમ શોધો.
(અ) આંખ, તોરણ, જીવન, ક્ષમા (બ) ક્ષમા, તોરણ, આંખ, જીવન (ક) આંખ, ક્ષમા, જીવન, તોરણ

5. નીચેનામાંથી સાચી જોડણીવાળો શબ્દ શોધો.
(અ) અભિપ્રાય (બ) અભીપ્રાય (ક) અભિપ્રાઇ

6. 'ભમીએ ગુજરાતેઃ દક્ષિણ ભણી' પાઠનું સાહિત્ય સ્વરૂપ ક્યું છે?
(અ) બોધ કથા (બ) આત્મકથા-ખંડ (ક) પ્રવાસલેખ

7. 'બૂટની કિંમત શી છે?' - આ વાક્યમાં પ્રશ્નવાચક વિશેષણ ક્યું છે?
(અ) બૂટ (બ) કિંમત (ક) શી

8. 'પેલા વાદળમાં ચોક તો વિશાળ છે...' - આ પંક્તિમાં દર્શક સર્વનામ ક્યું છે?
(અ) પેલા (બ) તો (ક) ચોક

9. 'વાહ! કેટલી સુંદર આપણી નિશાળ!' - આ વાક્યનો પ્રકાર જણાવો.
(અ) પ્રશ્નવાચક (બ) ઉદ્ગારવાચક (ક) નિર્દેશાર્થ વાક્ય

10. 'તે ધીમે-ધીમે લખે છે.' - આ વાક્યમાં 'ધીમે-ધીમે' શું છે?
(અ) ક્રિયાપદ (બ) વિશેષણ (ક) ક્રિયાવિશેષણ

પ્રશ્ન-6 (અ) નીચે આપેલા શબ્દોનો ઉપયોગ કરીને અર્થપૂર્ણ પાંચ વાક્ય બનાવો. (10)

1. બગીચો, શહેર 2. દાણા, ગાડાં 3. વેદના, આંખો
4. વડીલો, માગણી 5. અભ્યાસ, હોશિયાર

(બ) તમને ગમતાં કોઇપણ એક કાવ્ય કે લોકગીતની પાંચ પંક્તિ લખો. (5)

(ક) નીચેનામાંથી કોઇ એક વિષય પર 12 થી 15 વાક્યોમાં નિબંધ લખો. (10)
1. ઝાડમાં ફસાયેલા પતંગની આત્મકથા 2. મા તે મા 3. મારો પ્રિય તહેવાર

(ડ) તમારી શાળામાં યોજાયેલ 'પ્રજાસત્તાક દિન' ની અખબારી નોંધ તૈયાર કરો. (5)

અથવા

મુદ્દા પરથી વાર્તા લખો.
બે સ્ત્રીઓ - બંને વચ્ચે એક બાળક માટે ઝઘડો - એક કહે, 'બાળક મારું છે' - બીજી કહે, 'બાળક મારું છે.' - બંનેનું ન્યાયાધીશ પાસે જવું - ન્યાયાધીશે બાળકના બે ટુકડા કરી વહેંચી લેવા કહ્યું - બીજી સ્ત્રી બાળકના બે ટુકડા કરવા સંમત થઇ - પહેલી સ્ત્રીએ બાળકને જીવતું રાખવા એને બીજી સ્ત્રીને સોંપી દેવા કહ્યું - ન્યાયાધીશે પહેલી સ્ત્રીને બાળક સોંપ્યું - બોધ.

Scanned by CamScanner